# Day to Day Current Affairs

## ૧૭ એપ્રિલ, ૨૦૧૫ શુક્રવાર

**૧. ‘ફાર્મા જન સમાધાન’:**

- ભારત સરકારના રસાયણ અને ઉર્વરક મંત્રાલય ઔષધ વિભાગ દ્વારા ‘ફાર્મા’ જન સમાધાન’ ના માધ્યમથી દવાઓ સંબંધિત તમારી ફરીયાદ લખાવી શકો છો.
- અતિ મૂલ્ય નિર્ધરેલ, ગેર ઉપલબ્ધતા, આપુર્તિ અને વેચાણ કરવાની ઈનકાર અને મૂલ્ય અનુમોદન વિના નવી દવાનું વેચાણ જેવી ફરીયાદ લખાવી શકાય.
- ઓનલાઈ ફાર્મા જન સમાધાન માટે વેબસાઈટ : www.nppaindia.nic.in.

**૨. ‘અગ્નિ–૩ મિસાઇલ :–**

- આડિશા ખાતે ૩૦૦૦ કિ.મી.ની પ્રહરની ક્ષમતા અને અણું ક્ષમતા ધરાવતી અગ્નિ-૩ મિસાઈલનું સફળતા પુર્વક પરિક્ષણ કર્યું હતું.
- જમીનથી જમીન પ્રહરની ક્ષમતા ધરાવતી દેશી બનાવટની અગ્નિ શ્રેણીની આ ત્રીજી મિસાઈલ છે.
- ૧૭ મિટર લાંબી અને ૨ મીટર વ્યાસ ધરાવતી મિસાઈલનું વજન ૫૦ ટન છે.

**૩. નરેન્દ્ર મોદી :–**

- ત્રણ દેશના પ્રવાસ અંતર્ગત અંતિમ તબક્કામાં વડાપ્રધાન નરેન્દ્રમોદીએ કેનેડાના ટોરન્ટો શહેરમાં આવેલા રિકો કોલેજિયમ સ્ટેડીયમમાં ભાષણ આપ્યું હતું.

**૪. સિંહ ગણતરી :–**

- ગુજરાતમાં દર પાંચ વર્ષે યોજાતી સિંહોની વસ્તી ગણતરી આ વખતે ૧ થી ૫ મે દરમિયાન યોજાશે સૌરાષ્ટ્રના આઠ જિલ્લામાં સિંહોની વસ્તી ગણતરી થશે.

**૫. સૂર્યબહાદુર થાપા :–**

- નેપાળના પૂર્વ વડાપ્રધાન સૂર્યબહાદુરનું અવસાન. તેઓ નેપાળના ૫ વખત પીએમ રહી ચૂક્યા છે.

**૬. સત્ય નાદેલા :–**

- માઈક્રોસોફટ કંપનીના સીઈઓ
- અમેરિકન રાષ્ટ્રપતિ બરાક ઓબામા ભારતીય મૂળના સત્યા નાદેલાને ‘ચેમ્પિયન ઓફ ચેન્જ’ એવોર્ડ આપશે. તેમને આ એવોર્ડ પોતાની કંપનીમાં ફેરફાર કરવા બદલ આપવામાં આવી રહ્યો છે.

**૭. સચીન તેંડુલકર :–**

- ભારતના મહાન ક્રિકેટર સચીન તેંડુલકરનો પ્રતિષ્ઠિત લોરિયસ સ્પોર્ટસ એકેડમીમાં સમાવેશ કરવામાં આવ્યો.
- ચીનમાં શાંઘાઇ ગ્રાન્ડ થિયેટર ખાતે યોજાયેલ એવોર્ડ સમારંભ દરમિયાન સચીન સહીત પાંચ અન્ય દિગ્ગજ ખેલાડીઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.

www.vivekanandacademy.org